# 'મારો મત મારો અધિકાર' નાના સુરકા ગામની શાળાના વિદ્યાર્થીઓએ યોજી જનજાગૃતિ રેલી સૂત્રો સાથે રેલી યોજી



ભાવનગર જિલ્લામાં આગામી ૦૭ મી મે, ૨૦૨૪ના રોજ લોકસભાની સામાન્ય ચુંટણી યોજાનાર છે. જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા કલેકટર આર.કે.મહેતાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે સ્વીપ અન્વયે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે સિહોર તાલુકામાં સમાવિષ્ઠ ૧૦૩- ભાવનગર ગ્રામ્ય વિધાનસભામાં સમાવિષ્ટ નાના સુરકા ગામની શાળાના બાળકોએ રેલી કાઢી "મારો મત મારો અધિકાર", "મતદાન એ મહાદાન", "મતદાન આપણી પવિત્ર ફરજ છે", "છોડો કામ, કરો મતદાન", "૭મી મે તારીખ ભૂલશો નહિ, ભૂલશો નહિ"ના સુત્રો સાથે નાગરિકોને લોકશાહીના મહાપર્વમા સહભાગી બની મતદાન કરવા અપીલ કરી હતી. તેમજ મહિલાઓને સંકલ્પપત્ર લખાવી મતદાન કરવા અંગે પ્રોત્સાહિત કર્યા હતાં.

# ફઈબાના ઘરે ચોરી કરનાર ભત્રીજો સાડાત્રણ લાખના સોનાના દાગીના સાથે ઝડપાયો

## પોતાના ઘરે જમવા આવેલા ફુવાનુ સ્કુટર લઈ જમવાનું લેવા જવાના બહાને ફઈના ઘરનું તાળુ ખોલી ચોરી કરી આવ્યો, એલસીબીએ મુદામાલ સાથે ઝડપી લીધો

ભાવનગર, તા.૧૦

આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાને લઈને રાજ્યભરની સાથોસાથ ભાવનગર શહેર અને જિલ્લામાં પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે અને વણ શોધાયેલા ગુનાઓ ડિટેક્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે તેના ભાગરૂપે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે શહેરમાંથી પૂર્વ બાતમીના આધારે એક શખ્સને ચોરી કરેલા સોનાના દાગીના સહિત મુદ્દા માલ સાથે રંગે હાથ ઝડપી લીધો હતો.

બુધવાર તા.૯ના રોજ ભાવનગર,લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં માણસો વણ શોધાયેલ ગુન્હાના શકદારોની તપાસમાં ભાવનગર સીટી વિસ્તારમાં ખાનગી વાહનોમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન



બાતમીરાહે હકિકત મળેલ કે, અગાઉ નોકર ચોરીના ગુન્હામાં પકડાયેલ પાર્થ રમેશભાઇ મહેતા રહે.ભાદેવાની શેરી,ભાવનગર વાળો તેના હાથમાં રહેલ લીલા કલર જેવી થેલીમાં સોનાના દાગીના લઈને ભાવનગર,બસ સ્ટેશન પાછળના ભાગે હોમગાર્ડ ઓફિસની સામેના ભાગે રોડ ઉપર ઉભેલ છે.જે સોનાના દાગીના કયાંકથી ચોરી કરી લાવેલ હોવાની શંકા છે.જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ એલસીબીનો સ્ટાફ આવીને તપાસ કરતાં પાર્થ રમેશભાઈ મહેતા ઉ.વ.૨૩ ધંધો-જાહેરાતનો રહે.ફ્લેટ નંબર-એ-૨, સાંનિધ્ય ફ્લેટ, ઈન્ફન્ટ સ્કુલની સામે, ભાદેવાની શેરી, ભાવનગર વાળો સોનાના દાગીનાઓ સાથે હાજર મળી આવેલ.જે સોનાના દાગીનાઓ અંગે તેની પુછપરછ કરતાં કોઇ સંતોષકારક જવાબ આપતાં ન હોય. જેથી આ સોનાના દાગીનાઓ તેણે ચોરી અગર તો છળકપટથી મેળવી લાવેલ હોવાથી તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ.

આ માણસની પુછપરછ કરતાં ગઈ તા.૨૨/૦૩/૨૦૨૪ને શુક્રવારના રોજ તેના ફુવા પ્રવિણભાઈ પરિવાર સાથે તેના ઘરે રાતના જમવા માટે આવેલ.ત્યારે ઘરેથી જમવાનું પાર્સલ લાવવા માટે તેના ફુવાનું એકસેસ સ્કુટર લઇ સ્કુટરમાં તેના ફુવાના ઘરની ચાવી હોવાથી દેવુબાગ, દિપ દર્શન ફલેટમાં આવેલ ફલેટમાં જઇ તેના ફુવાના દિકરા નિખીલભાઇના રૂમમાં કબાટ ખોલી તેમાંથી સોનાના દાગીનાઓની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ. જે અંગે આગળની વધુ તપાસ થવા માટે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ. આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. અગાઉ પણ ગંગા જળીયા પો.સ્ટે.મા તેના વિરુદ્ધ નોકર ચોરીનો ગુનો દાખલ થયેલ છે.

# બાબુઓ વેકેશનના મુડમાં, શુક્રવારની રજા મુકનારને મળશે મિની વેકેશનનો લાભ

**આજે ચેટીચાંદ, કાલે રમઝાન ઈદ તેમજ શનિ-રવિવારની રજાના પગલે સરકારી કચેરી બંધ રહેશે, જો કે ચૂંટણીના કામમાં રોકાયેલા કર્મચારીને લાભ નહીં મળે**

ભાવનગર, તા.૧૦

ચૂંટણીના માહોલ વચ્ચે ધાર્મિક તહેવારો અને શનિ-રવિની રજાનો સંયોગ રચાતા મિની વેકેશન આવી પડ્યું છે. આજે બુધવારે ચેટીચાંદની રજા છે ત્યારે આવતીકાલે ગુરૂવારે રમજાન ઈદની રજા રહેશે. જયારે એક દિવસ છોડીને શનિ-રવિની રજા આવી રહી છે. આમ, એકમાત્ર શુક્રવારના દિવસે કચેરી ખુલ્લી રહેશે. જેથી ઘણાખરા સરકારી કર્મચારીઓએ એક દિવસની રજા મુકી મિની વેકેશનનો લાભ લીધો છે. જો કે, ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા અધિકારી, કર્મચારીઓને મિની વેકેશનનો લાભ નહીં માણવા મળે. આથી કચવાટ જોવા મળી રહ્યો છે.

ચાર દિવસની રજાના પગલે મહાપાલિકા, જિલ્લા પંચાયત, આરટીઓ, બહુમાળી ભવન સહિતની સરકારી કચેરીઓમાં રજા જેવો માહોલ જોવા મળશે, આજે બુધવારે ચેટીચાંદ પર્વની જાહેર રજા છે, કાલે ગુરૂવારે રમઝાન ઈદની જાહેર રજા રહેશે. આગામી શુક્રવારે સરકારી કચેરી શરૂ રહેશે, ત્યારબાદ ચોથા શનિવાર અને રવિવારની રજા રહેશે. પાંચ દિવસમાંથી ચાર દિવસ સરકારી કચેરી બંધ રહેશે. આથી તા.૧૨ને શુક્રવારે એક દિવસની રજા મુકનાર કર્મચારીઓને સળંગ પાંચ દિવસની રજા મળશે. મોટાભાગના સરકારી કર્મચારીઓ રજાની રાહ જોતા હોય છે અને રજા મળતા જ ફરવા જવાનુ આયોજન બનાવતા હોય છે. ફરવા જવાની કે પોતાના વતનમાં જનાર મોટાભાગના કર્મચારીઓ એકાદ દિવસની રજા મુકી દેતા હોય છે અને મીની વેકેશન માણતા હોય છે.

આગામી શુક્રવારે સરકારી કચેરી શરૂ છે પરંતુ ઘણા કર્મચારીઓ રજા પર જવાના મુડમાં હોવાથી સરકારી કચેરીઓમાં સન્નાટો જોવા મળશે તેમ જણાય રહ્યુ છે.

# સ્મોલ વંડર સંસ્થાના એન્યુઅલ ડે હાર્મોનીને સુમધુર બનાવતા બાળકો

**૧૦૦થી વધુ બાળકોએ ૧૨ જેટલી કૃતિ, ડાન્સ રજૂ કરી અભિનય કળાનો આપ્યો પરિચય**

ભાવનગર,તા.૭


બાળકોની વ્હાલી સંસ્થા સ્મોલ વંડર સંસ્થાનો ૨૦મો એન્યુઅલ ડે હાર્મોની શીર્ષક તળે તાજેતરમાં ઉજવાયો હતો જેને ૧૦૦ જેટલા ભુલકાઓએ અલગ અલગ કૃતિઓ રજૂ કરીને સુમધુર બનાવી દિધો હતો.

ભાવનગરમાં ભૂલકાઓને શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરતી શૈક્ષણિક સંસ્થા સ્મોલ વંડર એ ૧૯ વર્ષ પૂર્ણ કરી ૨૦માં વર્ષમાં પ્રવેશ કરતા તેની ઉજવણી સરદારનગર ઝવેરચંદ મેઘાણી ઓડિટરિયમ ખાતે વલીવર્ગની ઉપસ્થિતિમાં કરવાના આવી હતી. આ પ્રસંગે હાર્મોની ૨૦૨૪ ઈવેન્ટમાં સંસ્થાના ૧૦૦થી વધુ



બાળકોએ ૧૨થી વધુ કૃતિ, ડાન્સ રજૂ કરી અભિનય કળાનો પરિચય કરાવ્યો હતો. આ માટે સંસ્થાના હર્ષા રામૈયા અને સ્ટાફની દિવસની મહેનત રંગ લાવી હતી. પ્રત્યેક બાળકોના વાલીઓના સપોર્ટ વગર આ શક્ય ન હતું. કોરિયોગ્રાફર સોનિયા મેમ અને અલ્પેશ સર, કોસચ્યુમ ડિઝાઈન જયસર અને જાગૃતિ મેમ ટેક ટીમમાં અતુલ સર વિગેરેનો સહયોગ સાંપડ્યો હતો. ઈવેન્ટમાં હોસ્ટ ગહેના દીદી અને રૂષ્ટ્રી દીદી રહેલ.

# ગુજરાત અને મહારાષ્ટ્રમાં વિવિધ અકસ્માતમાં મૃતકોને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય



ભાવનગર, તા.૧૦

સૌરાષ્ટ્રમાં સિહોર તાલુકામાં બોઈલર ફાટવાને લીધે અને નદીમાં ડૂબી જતાં થયેલા અકસ્માતમાં ત્રણ લોકો માર્યા ગયા હતા. પૂ. મોરારીબાપુ વતી સ્થાનિક પત્રકાર મુકેશભાઈ પંડિત દ્વારા રુપિયા ૪૫,૦૦૦ ની સહાયતા રાશિ પહોંચાડવામાં આવશે. તે ઉપરાંત મોરબી પાસે ખારચિયા ગામમાં એક ફેક્ટરીમાં બોઈલર ફાટવાને લીધે બે વ્યક્તિઓનાં મોત નિપજયા છે. મોરબીના લજાઈ ગામનાં રામકથાના શ્રોતાઓ દ્વારા બંને માર્યા ગયા છે તેમના પરિવારજનોને રુપિયા ૩૦,૦૦૦ની રાશિ પહોંચાડવામાં આવશે.

સાવરકુંડલા તાલુકાના લુવારા ખાતે સિંહણ દ્વારા એક કિશોરને ફાડી ખાવાની ધટના બની છે ત્યારે તે કિશોરના પરિવારજનોને પંદર હજાર રૂપિયાની સહાયતા અર્પણ કરવામાં આવશે. એ પ્રમાણે મળતી માહિતી અનુસાર મહારાષ્ટ્રમાં સંભાજીનગરમાં કાપડની દુકાનમાં આગ લાગી હતી અને તેમાં એક પરિવારના ૭ લોકોનાં મોત નિપજયા છે. રામકથાના શ્રોતાઓ દ્વારા આ મૃતકોના પરિવારજનોને ૧,૦,૫૦૦૦ રાશિ પહોંચાડવામાં આવશે. આમ કુલ મળીને રુપિયા ૧,૯૫,૦૦૦ ની સહાય મોકલવામાં આવી રહી છે. વિવિધ ઘટનાઓમાં માર્યા ગયેલાઓને મોરારિબાપુએ શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

# ક્ષત્રિય સમાજના બે પૂણ્યશાળી આત્માના જીવનમાંથી યુવાનો શીખ લે અને વ્યસનથી દુર રહે-યુવરાજ

## ગોહિલવાડ રાજપૂત સમાજ દ્વારા ઘોઘા ખાતે વીર મોખડાજી દાદાની દેરીએ ધ્વજારોહણ અને પુજન-અર્ચન કરાયું

ભાવનગર, તા.૧૦

ગોહિલવાડ રાજપુત સમાજ,ભાવનગર દ્વારા પ્રતિ વર્ષની પરંપરા મુજબ આજે ઘોઘામાં વીર મોખડાજીદાદાની દેરીએ ધ્વજારોહણ, પુજન, અર્ચન સહિતના કાર્યકમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્ષત્રિય સમાજના રાજકીય, સામાજિક અગ્રણીઓ તેમજ રાજવી પરિવારની ઉપસ્થિતિ રહી હતી.

આ અવસરે ભાવનગર સ્ટેટના યુવરાજ જયવીરરાજસિંહ ગોહિલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ક્ષત્રિય સમાજમાં થયેલા બે પુણ્યશાળી આત્માના જીવનમાંથી આજના યુવાનોએ શીખ લેવાની છે. યુવાનોએ વ્યવસનથી દુર રહેવાની જરૂર છે અને શિક્ષણ તેમજ સંસ્કારના ગુણ




આ વિભુતિઓના જીવનમાંથી અપનાવવા જેવા છે.

ગોહિલવાડ રાજપુત સમાજ દ્વારા આયોજિત આ કાર્યકમમાં પૂ.મોખડાજી ગોહિલ અને નેક નામદાર મહારાજા કૃષ્ણકુમારસિંહજીની સ્મરણાંજલિ સાથે વરતેજ-પરિષદ-૧૯૨૪૯૨૦૨૪ શતાબ્દી વર્ષની ઉજવણી ગોહિલવાડ રાજપુત સમાજના પ્રમુખ વાસુદેવસિંહજી અજીતસિંહ ગોહિલના અધ્યક્ષસ્થાને કરવામાં આવેલ હતી. આ પ્રસંગે સામાજિક, રાજકિય આગેવાનો,રમત-ગમત તેમજ કલા અને સાસ્કૃતિક પ્રવૃતિમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્તકર્તાઓનુ સન્માન કરવામાં આવેલ હતું.

આ કાર્યકમમાં, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ તથા ભાજપ પ્રદેશ ઉપપ્રમુખ તથા ક્ષત્રિય સમાજના અગ્રણીઓ અને લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઈલેક્ટ્રોનિક મીડિયા મોનિટરીંગ સેલની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારી

ભાવનગર, તા.૧૦

આગામી લોકસભા ચૂંટણી સંદર્ભે કાર્યરત મીડિયા સર્ટીફીકેશન એન્ડ મોનિટરીંગ કમિટી (MCMC) હેઠળ કાર્યરત ઈલેક્ટ્રોનિક મીડિયા મોનિટરીંગ સેલની મુલાકાત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આર.કે.મહેતા દ્વારા લેવામાં આવી હતી.

કલેક્ટરે મોતીબાગ વિસ્તારમાં પુરવઠાની ઝોનલ કચેરીનાં મકાનમાં કાર્યરત કરવામાં આવેલા કેન્દ્રની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી સૂચનો કર્યા હતા.આ વેળાએ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી આર.એન.ચૌધરી પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ તકે મીડિયા નોડલ અધિકારી અને નાયબ માહિતી નિયામક ચિંતન રાવલે કલેક્ટરને અહીં થતાં મોનિટરીંગ અંગે માહિતી આપી હતી. અત્રે નોંધનીય છે કે, આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અને યોગ્ય અમલ કરી ન્યાયી અને મુક્ત ચૂંટણી યોજવા માટે જિલ્લા વહીવટીતંત્ર સુસજ્જ બન્યું છે. ત્યારે મીડિયા



સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટી (MCMC) લોકસભા ચૂંટણીને લગતા સમાચારો પર ૨૪ કલાક મોનિટરિંગ કરી રહ્યું છે.

# બે મહિનામાં ૪ જગ્યાએ ચોરી કરનાર ૩ ઝડપાયા

**લવરમુછીયા તસ્કર ટોળકીને પકડી લઈ રોકડ, મોબાઈલ, સોના-ચાંદીના દાગીના, બાઈક સહિત મુદામાલ કબજે લેવાયો**

ભાવનગર,તા.૧૦

બોટાદ જિલ્લામાં છેલ્લા બે-ત્રણ માસમાં જ અલગ-અલગ ચાર સ્થળે ઘરફોડ ચોરી કરનાર લવમૂછિયાની ત્રિપુટીને પોલીસે ઝડપી લઈ રોકડ, દાગીના અને બાઈક સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ બનાવ અંગેની વિગતો મુજબ બોટાદ રૂરલ પોલીસ મથક હેઠળના વિસ્તારમાં ગત તા.૨૨-૨ના રોજ બંધ મકાનના રૂમના નકુચા તોડી સોનાના દાગીના, રોકડ મળી રૂા.૨૬,૦૦૦ની તેમજ ગત તા.૨૫-૩ના રોજ ત્રણ અજાણ્યા તસ્કરોએ બંધ મકાનમાંથી દરવાજાના નકુચા તોડી કબાટ અને તિજોરીમાં રાખેલ સોના-ચાંદીના દાગીના, રોકડ મળી કુલ રૂા.૩,૧૮,૮૧૨ની માલમત્તાની ચોરી થઈ હતી. જે બનાવ અંગે બોટાદ રૂરલ પોલીસમાં ફરિયાદ દાખલ થતાં પીઆઈ વી.એલ. સાકરિયાની રાહબરી હેઠળ પોલીસની બે અલગ-અલગ ટીમ બનાવી તમામ ગુનામાં સંડોવાયેલા આરોપીઓની માહિતી મેળવી, અગાઉ ચોરીના ગુનામાં પકડાયેલા શખ્સોનો ડેટાબેજ એકત્ર કર્યા બાદ આવા શખ્સોની હાલની પ્રવૃત્તિ બાબતે હ્યુમન અને ટેકનિકલ સોર્સ તેમજ નેત્રમ્ પ્રોજેકટના સીસીટીવી કેમેરા તપાસી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.

દરમિયાનમાં મંગળવારે રૂરલ પીએસઆઈ વી.આર. રાવ અને સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. ત્યારે ઘરફોડ ચોરીને અંજામ આપનાર શખ્સો કેરિયા નં.૧ ગામે હોવાની ચોક્કસ બાતમી મળતા પોલીસે દોડી જઈ અજય ઉર્ફે બોડિયો જેન્તીભાઈ ઝાપડિયા (ઉ.વ.૨૦, રહે, ધોળા ગામ,તા.ઉમરાળા), કરણ જેન્તીભાઈ ઝાપડિયા (ઉ.વ.૨૫, રહે, હાલ અમરોલી) અને હીરા ઉર્ફે નાનો દલસુખભાઈ સાથળિયા (ઉ.વ.૨૨, રહે, કેરી નદીના કાંઠે, નિંગાળા) નામના શખ્સોને ઝડપી લઈ આગવી ઢબે પૂછપરછ કરતા ત્રણેય શખ્સે બોટાદ રૂરલ ઉપરાંત ગઢડા અને પાળિયાદ પોલીસની હદમાં પણ ઘરફોડ ચોરી કર્યાની કબૂલાત આપી હતી. જેના આધારે પોલીસે તસ્કર ત્રિપુટી પાસેથી રોકડ, સોના-ચાંદીના દાગીના, એક મોબાઈલ ફોન અને એક બાઈક મળી કુલ રૂા.૧,૩૪,૨૦૫નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

# ધો.૧૦ પછી 'એ' ગ્રુપના અભ્યાસ માટે વિચારતા છાત્રો માટે ડિપ્લોમાં એન્જિનિયરિંગ આદર્શ વિકલ્પ

ભાવનગર, તા.૧૦

રાજ્યમાં દર વર્ષે ધો.૧૦ના છાત્રો યોગ્ય માર્ગદર્શન ના અભાવે છ ગ્રુપમા ૧૧-૧૨ કરી કીમતી બે વર્ષનો સમય બગાડી, અધધ ફી ભરી ડિગ્રી એન્જિ.મા પ્રવેશ મેળવે છે.જયારે જે વિદ્યાર્થીઓ JEEના લેવલ ક્રેક કરવાની ક્ષમતા ધરાવતા હોય તેઓ એજ ૧૦ પછી ૧૧-૧૨મા છ ગ્રુપ સાથે ભણવાનો વિકલ્પ પસંદ કરવો જોઈએ,પરંતુ શાળાઓનું માર્કેટિંગ અને ફી આવકની લાલચ અને મોહજાળમાં ફસાઈ અસંખ્ય વિદ્યાર્થીઓ પોતાની ઉજજવળ કારકિર્દીના કીમતી બે વર્ષો સાથે લાખો રૂપિયાની ફી ખર્ચી બિનજરૂરી અભ્યાસ કરી ડિગ્રી એન્જિ.મા પ્રવેશ મેળવે છે.

જયારે ૧૦ પછી ડિપ્લોમા એન્જિ.નો સરળ અને સસ્તો વિકલ્પ પસંદ કરી ડિગ્રી

**આ અંગે કોઈપણ પ્રકારના માર્ગદર્શન માટે શિક્ષણવિદ્ ડો.ઓમ ત્રિવેદી બનશે મદદગાર**

એન્જિ.ના સીધા બીજા વર્ષમાં પ્રવેશ મેળવી ડિગ્રી એન્જિ.કરી શકાય છે. ૧૦ પછી ૧૧-૧૨ કરી ડિગ્રી એન્જિ.ની માત્ર એક ડિગ્રી મળે છે જયારે તેની સરખામણી એ જોઈએ તો ૧૦ પછી ડિપ્લોમા એન્જિ.કરી ડિગ્રી એન્જિ. પૂરું કરે તો ડિપ્લોમા અને ડિગ્રીની બે ડિગ્રીઓ પ્રાપ્ત કરે છે,તેઓ માટે સારા પ્લેસમેન્ટની વ્યાપક તકો પણ ઉપલબ્ધ રહે છે,વળી ડિપ્લોમા કોઈ પણ બ્રાન્ચમા કર્યું હોય તેને ડિગ્રીની કોઈ પણ બ્રાન્ચમાં એડમિશન મળી શકે તેવી અનુકૂળ જોગવાઈ તેના નિયમોમાં છે. તેમ જણાવી શિક્ષણવિદ્ ડો.ઓમ ત્રિવેદીએ આ અંગે કોઈ પણ પ્રકારના માર્ગદર્શન માટે રાજ્યનો કોઈ પણ વિદ્યાર્થી કે તેઓના વાલી મો.૯૯૨૪૩૪૩૫૩૬ ઉપર સંપર્ક કરી શકે છે. તેમ ઉમેર્યું હતું.

# ૧૨ એપ્રિલ સુધી શિષ્યવૃત્તિ પરીક્ષા માટે ફી ભરી શકાશે

ભાવનગર, તા.૧૦

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે આવેદનપત્ર કન્ફર્મ કરી દીધા હોય તેવા વિદ્યાર્થીઓને જો ફી ભરવાની બાકી રહી ગઈ હોય તો એક અંતિમ તક રૂપે તા. ૮થી ૧૨ એપ્રિલ દરમિયાન ફી ભરી શકે તેવી સુવિધા આપવામાં આવી છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા ૨૦૨૩ ૨૪ માટેના આવેદનપત્રો www.sebexam.rog વેબસાઈટ પર તા.૧થી ૧૧ માર્ચ સુધી અને બાદમાં આવેદનપત્રો ભરવાની તારીખ લંબાવીને ૧૫ માર્ચ સુધી કરવામાં આવી હતી તેમજ ૧૮મી માર્ચ સુધી આવેદનપત્રોની ફી ભરવા માટે તારીખ રાખવામાં આવી હતી. આમ છતાં આવેદનપત્રો કન્ફર્મ થઈ ગયા હોય અને ૧૮મી માર્ચ સુધીમાં ફી ભરવાની બાકી રહી ગઈ હોય તેઓ માટે વારંવાર રજૂઆત આવ્યા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા એક અંતિમ તક રાજ્ય પરીક્ષા બોર્ડ માટે આપવામાં આવી છે અને આ પરીક્ષા માટેની આવેદનપત્રની ફી તારીખ ૮થી ૧૨ એપ્રિલ દરમિયાન અચૂક ભરી દેવા જણાવ્યું છે. આ સુવિધા માત્રને માત્ર ઓનલાઇન આવેદન પત્ર ભરી કન્ફર્મ કરનાર વિદ્યાર્થીઓ માટે જ છે. સમય વીતી ગયા બાદ હવે ફી અંગે કોઈ પણ પ્રકારની રજૂઆત સાંભળવામાં આવશે નહી તેમ જણાવવામાં આવ્યું છે.

# નંદકુંવરબા કોલેજની સિનીયર વિદ્યાર્થિનીઓને ફેરવેલ પાર્ટી સાથે વિદાય આપતી જુનીયર છાત્રાઓ



નંદકુંવરબા મહિલા કોલેજ-દેવરાજનગર ખાતે બી.એ., બી.કોમ, બી.બી.એ., બી.સી.એ., એમ.કોમ, એમ.એ., એફ.ડી., એમએસડબલ્યુ, ડી.એન.વાય.એસ. માં અભ્યાસ કરતી છેલ્લા વર્ષની વિધાર્થીનીઓ માટે જુનિયર વિધાર્થીનીઓ દ્વારા ભંડારિયામાં આવેલ માઉન્ટ શેરો રિસોર્ટ ખાતે ફેરવેલ પાર્ટી યોજવામાં આવી હતી. આ તકે વિવિધ અભ્યાસક્રમમાં છેલ્લા વર્ષની વિધાર્થીનીઓએ પોતાના અભ્યાસકાળ દરમિયાનના પોતાના અનુભવો અને કોલેજ દ્વારા વર્ષ દરમિયાન થતા શૈક્ષણિક સેમીનાર, વર્કશોપ, કાર્યક્રમો અંગે પોતાના વિચારો રજુ કર્યા હતા. આ ફેરવેલ પાર્ટીનું સમગ્ર આયોજન કોલેજમાં અભ્યાસ કરતી એફ.વાય. અને એસ.વાય. ની વિધાર્થીનીઓ દ્વારા કરવામાં આવી હતી. જે એક નવતર પહેલ સાથે પોતાની સીનીયર વિધાર્થીનીઓને વિદાય આપીને ફેરવેલ પાર્ટીનું આયોજન કરી એક નવી પરંપરા સાથેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રકૃતિના સાનિધ્યમાં ડી.જે. વિથ ડાન્સ સાથે પાર્ટી યોજાઇ હતી.

# ભાવનગરની દિકરીને પડધરી ખાતે રહેતા સાસરીયાઓએ ત્રાસ આપી ઘરેથી કાઢી મુકી

## પતિ સહિત સાસુ,સસરા અને નણંદ સામે પરણિતાએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

ભાવનગર, તા.૧૦

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં રહેતા પતિ સહિતના સાસરીયાઓ દ્વારા ત્રાસ આપી ઘરેથી કાઢી મુકતા ભાવનગરની મહિલાએ પતિ સહિતના ચાર સાસરીયાઓ સામે ભાવનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભાવનગર શહેરના ગણેશનગર વિસ્તારમાં રહેતી અને બે વર્ષ પહેલા પડધરીના કિરીટસિહ ગોહિલ સાથે પરણાવેલી પુજાબા ચૂડાસમાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતી કિરીટસિંહ ગોહીલ, સસરા સાવજુભાઈ ગોહીલ, સાસુ કમળાબા ગોહીલ અને નણંદ પુજાબા ઝાલાના નામ જણાવ્યા છે. ફરિયાદીના લગ્ન કિરીટસિંહ સાથે થયા હતા અને લગ્ન બાદ તેઓ જીવન જરૂરી જરૂરીયાતની વસ્તુઓ માટે ઝઘડો કરતા હતા, તો અન્ય તમામ સાસરીયાઓ પણ પતિની ચઢવણી કરી તુ જોતી નથી તેમ કહી ત્રાસ આપતા હતા.

પતિ સહિતના સાસરીયાઓનો ત્રાસ અસહ્ય થતાં ફરિયાદી તેમજ તેના પતિ ભાવનગર ખાતે રહેતા હતા પરંતુ સાસરીયાઓ ફોન પર પતિની ચઢવણી કરતા હતા એટલે પતિ માર મારી ત્રાસ આપતા હતા. દરમિયાનમાં પતિએ પત્નિને ઘરની બહાર કાઢી મુકી ઘરને તાળુ મારી તે જુનાગઢ પરિક્રમા માટે જતા રહ્યાં હતા. આમ, પતિ સહિતના સસારીયાઓ દ્વારા આપવામાં આવતાં ત્રાસથી કંટાળી મહિલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મહુવા-ઉમણીયાવદર-બગદાણાના ૧૭ કી.મી. રોડ માટે રકમ મંજૂર થઈ પણ કામ નહીં

## ત્રણ મહિના વિત્યા છતાં કામ શરૂ નહીં થતા લોકો ચૂંટણી બહિષ્કારના મુડમાં

મહુવા, તા.૧૦

મહુવા તાલુકામાં નેશનલ હાઈવે થી ઉમણીયાવદર તરફ જતો રોડ બિસ્માર હાલતમાં હોય જેનું સમારકામ કે ડામર કરવા માટે સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે. પરંતુ હજુ સુધી આ રોડનું કામ શરૂ થવા પામેલ નથી. તાકીદે આ રોડનું કામ શરૂ કરવામાં નહી આવે તો કોંજળી ગામના ગ્રામજનો દ્વારા ચૂંટણી બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળેલ છે.

મહુવા-ઉમણીયાવદર-સેંદરડા-બગદાણા રોડ અતિ બિસ્માર હાલતમાં આવી ગયેલ. જે રોડનું કામ સરકાર દ્વારા આ રોડનું રીસરફેસીંગ કામ માટે ૧૭ કી.મી. રોડનું રૂ.૬૮૩ લાખ તા.૧/૧/૨૪ના મંજુર કરવામાં આવેલ છે. આ રોડનું કામ હજુ સુધી શરૂ ન થતા ગ્રામ્યજનોમાં રોષ ઉભો થયેલ છે. આ રોડનું કામ વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી માંગ ઉભી થવા પામેલ છે.

નેશનલ હાઈવે ઉપરથી ઉમણીયાવદર-સેંદરડા તરફ જતો રોડ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં છે, આ રોડને સમારકામ અથવા ડામર કરવાનું કામ પણ મંજુર થયેલ છે. પરંતુ હજુ સુધી કામ શરૂ ન થતા આ વિસ્તારના ગ્રામ્યજનોમાં પણ રોષ ઉભો થવા પામેલ છે. હાલ લોકસભાની ચૂંટણી આવી રહી છે તેવા સમયે કોંજળી ગામના લોકોએ આ રોડનું રીપેરીંગ કામ શરૂ કરવામાં નહી આવે તો ચૂંટણી બહિષ્કાર કરવામાં આવશે તેમ ગ્રામ્યજનો જણાવી રહ્યાં છે.

# ભગુડા મોગલધામને સાંકળતા માર્ગોની અત્યંત બિસ્માર હાલત અંગે તંત્રના આંખ આડા કાન

## મોગલ મા મંદિરનો આગામી દિવસોમાં ઉજવાનારા પાટોત્સવમાં મોટી સંખ્યામાં યાત્રીકો આવનાર હોય તાકીદે કામ હાથ ધરવા માંગ

ભાવનગર, તા.૧૦

મહુવા તાલુકાના ભગુડા ગામે મોગલ ધામે મા મોગલનો ૨૮ મો પાટોત્સવ આવી રહ્યો છે ત્યારે મોગલ ધામને લગતા તમામ રોડ રસ્તાઓ અત્યંત બિસ્માર હાલતમાં છે જ્યારે માં મોગલનો પાટોત્સવ આગામી તા.૨૦-૫-૨૪ ને સોમવારના આવી રહ્યો છે જેને આજથી દોઢ મહિના જેટલો સમય છે ત્યારે આ બિસ્માર માર્ગને ટનાટન બનાવવા લોકોની માંગ છે.

સારા રસ્તા બનાવવા બાબતે તંત્રના પેટનું પાણી હલતું નથી. પાટોત્સવ નિમિત્તે મોગલ ધામે લાખો યાત્રિકો દર્શન માટે પધારતા હોય છે પણ રસ્તો સારો ન હોવાના કારણે યાત્રિકો તોબા પોકારી જાય છે અને નાના મોટા અકસ્માતો થતા હોય છે આથી તંત્ર મોગલધામ પાટોત્સવને ધ્યાન રાખીને મોગલ ધામ ને લગતા તમામ રોડ રસ્તાઓ યુદ્ધના ધોરણે રીપેરીંગ કરવામાં આવે અને નવા બનાવવામાં આવે તેવી માંગ છે. ભગુડા ગામે આવેલ મોગલ ધામ પ્રસિદ્ધ યાત્રાધામ છે આ ધામને લગતો રોડ રસ્તાઓ અતિ ગંભીર હાલતે ખરાબ છે.

ભગુડા મોગલ ધામ ટ્રસ્ટ તથા ગ્રામ પંચાયત દ્વારા અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે પરંતુ કોઈ રજૂઆતને ધ્યાને લેવામાં આવતી નથી આથી આ રોડ રસ્તા ઉપર ડામરના નામ નિશાન રહ્યા નથી આથી યાત્રિકોમાં તથા વાહન ચાલકો રોષ જોવા મળે છે અનેક વખત લેખિત મૌખિક રજૂઆતો કરી છે છતાં તંત્રના પેટના પાણી હલતા નથી આથી લોકોમાં રોષ જોવા મળે છે

# રેલવે ટીકીટ ચેકીંગ સ્ટાફની ક્રિકેટ મેચમાં ભાવનગર ડીવીઝન રનર્સ અપ

## ભાવનગરની ટીમના ખેલાડીઓએ મેન ઓફ ધ મેચ, બેસ્ટ બેટ્સમેન અને મેન ઓફ ધ ટૂર્નામેન્ટ જેવા એવોર્ડ અંકે કર્યા

ભાવનગર, તા.૧૦

રાજકોટમાં ૭મી અને ૮મી એપ્રિલ, ૨૦૨૪ના રોજ ભારતીય રેલવે ટિકિટ ચેકિંગ સ્ટાફ ઓર્ગેનાઈઝેશન દ્વારા પશ્ચિમ રેલવે પર ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં પશ્ચિમ રેલવેની ૭ ટીમોએ ભાગ લીધો હતો. મુંબઈ મંડલ વિજયી શિલ્ડ જીત્યો અને ભાવનગર મંડળે શાનદાર પ્રદર્શન કરી રનર અપ બની હતી.



આ ટુર્નામેન્ટમાં ભાવનગર રેલ્વે મંડલના ખેલાડીઓએ ૬ મેચ રમી જેમાંથી ભાવનગરની ટીમના ખેલાડીઓએ ૪ મેચમાં "મેન ઓફ ધ મેચ" એવોર્ડ મેળવ્યો. કુલદીપ સિંહ ગોહિલ અને ચેતન રાજપુરાને એક-એક મેચમાં "મેન ઓફ ધ મેચ" જાહેર કરવામાં આવ્યા હતા જ્યારે અજય સોલંકીને બે મેચમાં "મેન ઓફ ધ મેચ" જાહેર કરવામાં આવ્યા હતા.

ભાવનગર મંડલના કુલદીપસિંહ ગોહિલને "બેસ્ટ બેટ્સમેન" અને "મેન ઓફ ધ ટુર્નામેન્ટ" એવોર્ડ એનાયત કરાયો હતો. ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમાર, એડિશનલ ડીવીઝનલ રેલ્વે મેનેજર હિમાંશુ શર્મા, સીનીયર ડીવીઝનલ કોમર્શીયલ મેનેજર માશૂક અહમદે તમામ ખેલાડીઓને આ સિધ્ધી બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

# ચેકિંગ ટીમનો સપાટો : ભાવનગર-આસનસોલ એકમાત્ર ટ્રેનમાં રૂા.૫.૦૪ લાખનો દંડ

## ટિકિટ વગર યાત્રા તેમજ અન્ય મળી ૬૨૭ ગેરરીતિના કિસ્સામાં રેલવે ચેકિંગ ટીમે કરી કાર્યવાહી

ભાવનગર, તા.૧૦

વેસ્ટર્ન રેલવેના ભાવનગર ડિવિઝન પરની ટ્રેનોમાં ટિકિટ વગર, અનિયમિત ટિકિટ પર મુસાફરી કરતા મુસાફરોને રોકવા માટે સઘન ટિકિટ ચકાસણી ઝુંબેશ સતત ચલાવવામાં આવી રહી છે.

ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમારની માર્ગદર્શિકા અનુસાર સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર માશૂક અહમદ અને આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર કલ્પેશ જી. દવેની દેખરેખ હેઠળ ખાસ ટિકિટ ચેકીંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ટ્રેન નંબર ૧૨૯૪૧ ભાવનગર-આસનસોલ સુપરફાસ્ટ ટ્રેનમાં ૦૯ એપ્રિલ, ૨૦૨૪ (મંગળવાર)ના રોજ અત્યંત અનુભવી ટિકિટ ચેકિંગ ટીમ દ્વારા ખાસ ટિકિટ ચેકિંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી, જેમાં કુલ સાત સ્ટાફે મળીને ૬૨૭ કેસમાં દંડ સહિત રૂ. ૫૦૩૭૫૦ વસૂલ્યા હતા. તેવી જ રીતે ભવિષ્યમાં પણ ડિવિઝનની તમામ ટ્રેનોમાં ટિકિટ ચકાસણી ઝુંબેશ ચાલુ રહેશે. ભાવનગર ડિવિઝન તેના સમ્માનીય મુસાફરોને હંમેશા ઉચિત અને વૈદ્ય ટિકિટ સાથે મુસાફરી કરવા અપીલ કરી છે.

# કેદારનાથ યાત્રાઃ 'શિવાલિકથી શિવ સુધીની, પહોંચવા અને પામવાની' પુસ્તકનું થશે વિમોચન

## જાણીતા તસવીરકાર રક્ષા ભટ્ટ દ્વારા લેવાયેલી તસવીરો અને પ્રવાસ વૃતાંતનું પુસ્તક શનિવારે થશે વિમોચિત

ભાવનગર, તા.૧૦

કેદારનાથની યાત્રા દિવ્ય અને સાથે રોમાંચક છે. અહીં જનાર અનુભવ જ નહીં અનુભુતિનું ભાથું પણ સાથે બાંધતા હોય છે. આવી જ અનુભૂતિ તસવીરો અને શબ્દો સાથે જેમાં પ્રસ્તૃત છે તેવા 'કેદારનાથ યાત્રાઃ શિવાલિકથી શિવ સુધીની, પહોંચવા અને પામવાની' તે પુસ્તકનું વિમોચન ૧૩ એપ્રિલને શનિવારે યોજાશે.

છેલ્લા ત્રીસેક વર્ષથી હિમાલયના વિવિધ પ્રદેશોને એક્સ્પ્લોર કરી ટ્રાવેલ ફોટોગ્રાફી કરતાં ભાવનગરના તસવીરકાર રક્ષા ભટ્ટની કેદારયાત્રાનું



પ્રવાસ વૃતાંતનું પુસ્તક 'કેદારનાથ યાત્રાઃ શિવાલિકથી શિવ સુધીની ,પહોંચવા અને પામવાની' નું વિમોચન ૧૩મી એપ્રિલને શનિવારે સાંજે ૭ વાગે થવા જઈ રહ્યું છે.

ભાવનગરની શિશુવિહાર સંસ્થાના વનાણી હોલમાં આયોજિત આ વિમોચન પ્રસંગે પ્રખ્યાત તસવીરકાર અને નવજીવન ટ્રસ્ટ, અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી વિવેક દેસાઈ, કવિ વિનોદ જોશી, વ્યાખ્યાનકાર - વિવેચક મીનલ દવે અને હિમાલયન પ્રવાસીને લેખક સુભાષ ભટ્ટ ઉપસ્થિત રહેશેઅનેવક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનુંસંચાલન કવિ અને કટારલેખક પ્રણવ પંડ્યા કરશે. આ પ્રસંગે ભાવકોને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ અપાયુંછે.

# રેડક્રોસ સોસાયટી દ્વારા ૧૦૧૭મુ દેહદાન



ભાવનગર નિવાસી સ્વ. અરજણભાઈ ગાંડા ભાઈ ચૌહાણ (ઉં.વ.૬૭)નુ તા.૬ના રોજ અવસાન થતા સદગતની ઈચ્છા અનુસાર તેમના કુટુંબીજનોએ દેહદાનનું પુણ્ય કાર્ય કર્યું હતું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચક્ષુદાન દેહદાન વિભાગ દ્વારા અનમોલ દેહદાનનો સ્વીકાર કરવામાં આવ્યો તેમ જ આ પાર્થિવ દેહને વાલણ હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ વડોદરા ખાતે તબીબ વિજ્ઞાન ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મહાવરા તથા સંશોધન લાભાર્થે પહોંચાડવામાં આવ્યું હતું.

# કુલ્ફી ખાધા બાદ ૭ ખેત મજુરને ફુડ પોઈઝનીંગ, તમામને અમરેલી સિવિલમાં ખસેડાયા

અમરેલી, તા.૧૦

અમરેલી તાલુકાના રાંઢીયા ગામે ખેત મજુરીનુ કામ કરતા પરપ્રાંતિય મજુરોએ ગામમાથી જ ખરીદેલી કુલ્ફી ખાધા બાદ છ બાળકો સહિત સાત વ્યકિતને ફુડ પોઈઝનીંગ થતા તમામને સારવાર માટે અમરેલી સિવીલમા ખસેડાયા છે. ફુડ પોઈઝનીંગની આ ઘટના અમરેલી તાલુકાના રાંઢીયા ગામની સીમમા બાબુભાઈ વાઘજીભાઈ હપાણીની વાડીમા બની હતી. દહિંડા ગામના ચેતનભાઈ મકાણીને ત્યાં પરપ્રાંતિય મજુરો કામ કરે છે અને હાલમા તેમને કંઈ કામ ન હોય તેમણે મજુરોને બાજુના રાંઢીયા ગામે મોકલ્યા હતા. બપોરબાદ છ બાળકો અને એક મહિલાએ ગામના જ ઘુઘાભાઈ નામના શખ્સને ત્યાંથી કુલ્ફી ખરીદી ખાધી હતી. રાતના સમયે આ તમામ સાત લોકોને ફુડ પોઈઝનીંગની અસરથી ઝાડા ઉલ્ટી થતા સારવાર માટે અમરેલી સિવીલ હોસ્પિટલમા ખસેડવામા આવ્યા છે. બનાવને પગલે સ્થાનિક પોલીસ હોસ્પિટલે દોડી ગઈ હતી.



## અવસાન નોંધ

### ઘોઘારી વિસાશ્રી ઓસવાલ જૈન મરણ

સ્વ.શાંતિલાલ હરજીવનદાસ શાહના પુત્ર ચંદ્રકાંતભાઈ (બટુકભાઇ) ધોલેરાવાળા (ઉ.વ.૮૬) તા. ૭ના રોજ નવકારમંત્રનું સ્મરણ કરતાં સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ.કુંદનબેનના પતિ, સ્વ.નવીનભાઈના ભાઈ, વિપુલાબેન, જયેશભાઈ (આશીર્વાદ ડેવલોપર્સ), રાકેશભાઈ, અલ્પેશભાઈ (શ્રીડેવલોપર્સ)ના પિતા, નીલેશભાઈ, સિદ્ધાર્થભાઈના દાદા, વેવાઈ પક્ષે કલાબેન અશોકકુમાર રૂપેરા, પ્રવીણચંદ્ર માણેકચંદ શાહ, સ્વ.ગિરીશકુમાર મોહનલાલની સંયુક્ત સાદડી તા.૧૧ને ગુરુવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ શિવ શક્તિ હોલ ક્રેસન્ટ ભાવનગર ખાતે રાખેલ છે.

### ક્ષત્રિય મરણ

ગામ વાવડી (સાતુદડ) હાલ ભાવનગર ગંભીરસિંહ હેમંતસિંહ જાડેજા (રિટાયર્ડ સ્સ્મ, ઉ. વ. ૭૪) તા.૮ને સોમવારે સ્વર્ગવાસ થયેલ છે. તેઓ કૃષ્ણદેવસિંહના પિતા, મહેન્દ્રસિંહ, ગજેન્દ્રસિંહના મોટાભાઈ, ભગીરથસિંહ મહેન્દ્રસિંહ, યશપાલસિંહ ગજેન્દ્રસિંહના મોટાબાપુ થાય. સદગતનું બેસણું તા.૧૨ને શુક્રવાર સાંજે ૪ થી ૬ તથા ઉત્તરક્રિયા તા.૧૯ને શુક્રવારના રોજ રાખેલ છે. બેસણું તથા ઉત્તરક્રિયા નિવાસસ્થાન સી-૧૫૫૫, વારાહી પાસે, કાળિયાબિડ રાખેલ છે. લૌકિક બંધ રાખેલ છે.

# રાજકોટની સગીરાને ભગાડી જનાર જેસરનો શખ્સ પાલીતાણાથી ઝડપાયો

ભાવનગર, તા.૧૦

ભાવનગર,પેરોલ ફર્લો સ્કવોડનાં માણસો બુધવારે પાલીતાણા સીટી વિસ્તારમાં નાસતા-ફરતાં આરોપીને પકડવાની ડ્રાઇવ સબબ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન રાજકોટ શહેર, આજી ડેમ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ લગ્નની લાલચ આપી સગીરાને ભગાડી જવાના ગુન્હામાં નાસતાં-ફરતાં આરોપી મહેશભાઈ ભુપતભાઈ વાઘેલા રહે.સનાળા, મુળ-ભંડારીયા તા.જેસર, જી.ભાવનગર વાળો પાલીતાણામાં હવા મહેલના ગેઈટ પાસે ઉભો હોવાની માહિતી મળેલ.જે માહિતી આધારે તપાસ કરતાં મહેશભાઈ ભુપતભાઈ વાઘેલા ઉ.વ.૨૧ ધંધો-મજુરી રહે.સનાળા તા.જેસર જી.ભાવનગર મુળ-ભંડારીયા, તા.જેસર જી.ભાવનગર વાળો હાજર મળી આવેલ.જેથી તેના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી આગળની વધુ તપાસ થવા માટે પાલીતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ. આ અંગે રાજકોટ શહેર, આજી ડેમ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા તજવીજ હાથ ધરવામાં આવેલ.

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર**

**અરજી નં.૬૬/૨૦૨૪**
**મૃ.તા.૦૮/૦૬/૧૯૯૬**

**શ્રી ભાવેશભાઈ દેવજીભાઈ મકવાણા**
**રહે.પ્લોટ નં.૫૫,રામનગર, ગૌશાળા પાસે, ઘોઘારોડ, ભાવનગર**

**વિરૂદ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી**
**ભાવનગર**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મુત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભાવેશભાઈ દેવજીભાઈ મકવાણા રહે.પ્લોટ નં.૫૫, રામનગર, ગૌશાળા પાસે, ઘોઘારોડ, ભાવનગર તેમના દાદા પ્રેમજીભાઈ સાર્દુળભાઈનું મૃત્યુ તા.૦૮/૦૬/૧૯૯૬ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજરોજ તા.૦૭/૦૪/૨૦૨૪ માહેઃએપ્રિલ સને ૨૦૨૪ રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,ભાવનગર**

**શ્રી જતીન કીરીટભાઈ ભટ્ટ**
**રહે, પ્લોટ નં. ૪૭૫૦/એ, પંચરત્ન સોસાયટી, શક્તિમાના મંદિરની સામે, કાળીયાબીડ ભાવનગર**

**અરજી નં.૪૦/૨૦૨૪**
**જ.તા.૨૬/૦૪/૧૯૭૩**

**વિરૂદ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી,**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર.**

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જતીન કીરીટભાઈ ભટ્ટ રહે. પ્લોટ નં. ૪૭૫૦/એ, પંચરત્ન સોસાયટી, શક્તિમાના મંદિરની સામે, કાળીયાબીડ ભાવનગર તેમનો જન્મ તા.૨૬/૦૪/૧૯૭૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના અરજદારશ્રીએ આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલ મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમિયાન રજૂ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજરોજ તા.૧૯-૦૩-૨૦૨૪ માહેઃ માર્ચ સને ૨૦૨૪ના રોજ કોર્ટનો સહી સિક્કો કરી આપ્યો.**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ભાવનગર**



CONTACT FOR BOOKING:
LEELA WORLD WIDE
Global Travel Solutions
105/106, SHOPPER'S POINT, NEAR CUSTOM HOUSE, PARIMAL CHOWK, WAGHAWADI ROAD, BHAVNAGAR 364002 (GUJARAT) INDIA
TEL. +91 278 256 9292 / 256 9299 / 222 1223
MOB.+91 98 7900 6900
Email: global@travelsolution.biz



LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8

તા.૧૦-૦૪-૨૦૨૪, બુધવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫







## જુગારમાં મોટી રકમ જીતી ઘરે જઇ રહેલા શખ્સને ફિલ્મી ઢબે લૂંટી લેવાયો

# મહુવાના એલ.આઈ.સી. એજન્ટને જુગાર રમવા બોલાવી છરીની અણીએ ૨.૭૦ લાખ રોકડાની લૂંટ

### રાજાવદર ગામમાં મિત્રના ઘરે જુગાર રમીને ઘરે જતા હતા ત્યારે ગળથર ગામ નજીક આંતરી સ્કોર્પિયો લઈને આવેલા શખ્સોએ ખેલ પડ્યો : મોબાઈલ ફોન,પાકીટ અને બાઈકની ચાવી પણ ઝૂંટવી રસ્તામાં ફેંકી દીધી

ભાવનગર તા.૧૦

મહુવા તાલુકાના ડેગવડા ગામના વતની અને મહુવામાં રહેતા એલ.આઈ.સી.એજન્ટને રાજાવદર ગામે જુગાર રમવા માટે બોલાવી જુગારમાં મોટી રકમ જીત્યા બાદ ઘરે પરત જઈ રહેલા એલ.આઈ.સી.એજન્ટને ગળથર ગામ નજીક આંતરી કારમાં આવેલા બે શખ્સે રૂ.૨.૭૦ લાખ રોકડાની લૂંટ કરી મોબાઈલ ફોન,પાકીટ અને બાઈકની ચાવી ઝૂંટવી લઈને રસ્તામાં ફેંકી દઈ ફરાર થઈ જતા બગદાણા પોલીસે ત્રણ શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ મહુવા તાલુકાના ડેગવડા ગામના વતની અને મહુવામાં આવેલ સૈતાનગર પ્લોટ નં.૦૯ માં રહેતા એલ.આઈ..સી.એજન્ટ ભરતકુમાર લક્ષ્મીશંકર જાની છેલ્લા બે વર્ષથી રાજાવદર ગામના વાઘાભાઈ પાંચાભાઈ લાફકા ( ભરવાડ ) ને ઓળખતા હોવાથી અગાઉ તેમના ઘરે જુગાર રમવા માટે જતા હતા.છેલ્લા બે દિવસથી વાઘાભાઈ તેમને અવારનવાર ફોન કરી જુગાર રમવા માટે બોલાવતા હોવાથી ગઈ કાલે ભરતભાઈ રૂ.૧,૪૦,૦૦૦/- રોકડા લઈને વાઘાભાઈના ઘરે જુગાર રમવા માટે રાજાવદર ગયા હતા.વાઘાભાઈના ઘરે બંને જુગાર રમતા ભરતભાઈ રૂ.૧,૩૦,૦૦૦/- જીત્યા હતા.જુગાર રમ્યા બાદ ભરતભાઈ ઘરે જવા માટે નીકળતા હર ત્યારે કાળા કલરની સ્કોર્પિયો કારમાં બે વ્યક્તિ આવ્યા હતા.વાઘાભાઈએ બન્નેની ઓળખાણ કરાવી બન્ને તેમના મિત્રો લાલાભાઈ હકાભાઈ મેર રહે.કાળાતળાવ,ભાવનગર અને પકો સિંધી રહે.ભાવનગર હોવાનું જણાવ્યું હતું.

ભરતભાઈ તેમનું મોટરસાઈકલ લઈને નીકળ્યા બાદ પાછળથી સ્કોર્પિયો કારમાં આવેલા લાલા મેર અને પકો સિંધીએ ગળથર ગામ નજીક કાર આગળ કરી ભરતભાઈને આંતરી છરી બતાવી હાથની આંગળીના ભાગે છરી વડે ઘસરકો કરી રૂ.૨,૭૦,૦૦૦/- રોકડાની લૂંટ કરી હતી અને ભરતભાઈનો મોબાઈલ ફોન,પાકીટ અને બાઈકની ચાવી ઝૂંટવી કારમાં ફરાર થઈ ગયા હતા.

આ ઘટના બાદ ત્યાંથી પસાર થતા બાઈક ચાલકની મદદથી તેઓ રાજાવદર વાઘાભાઈના ઘરે પહોંચ્યા હતા અને તેમને વાત કરી હતી.વાઘાભાઈ તેમને ફરિયાદ નોંધાવવા પ્રથમ ખૂટવડા અને ત્યાર બાદ બગદાણા લઈ ગયા હતા ત્યારે રસ્તામાં જી.ઈ.બી.ના કર્મચારીએ તેમને મળેલ મોબાઈલ ફોન અને પાકીટ પરત આપ્યા હતા.

બગદાણા પોલીસ સ્ટેશન ખાતે વાઘાભાઈ ભરવાડે લૂંટનું કાવતરું તેમણે રચ્યું હોવાનું જણાવતા ભરતભાઈ જાનીએ વાઘાભાઈ પાંચાભાઈ લાફકા (રહે.રાજાવદર, તા.મહુવા) લાલા હકાભાઈ મેર (રહે.કાળાતળાવ, તા.ભાવનગર) અને પકો સિંધી (રહે.ભાવનગર) વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા બગદાણા પોલીસે આઈ.પી.સી.કલમ ૩૯૪ અને ૧૨૦ (બી) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જુગારમાં ભરતભાઈ વારંવાર રકમ જીતી જતા લૂંટનો પ્લાન ઘડ્યો : કાવતરૂ રચનારે કરી કબુલાત

**લૂંટનો ભોગ બનેલા ભરતભાઈ જાની વાઘાભાઈ સાથે બગદાણા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા ગયા ત્યારે વાઘાભાઈ ભરવાડે કબૂલાત કરી હતી કે, નંબર વગરની કાળા કલરની સ્કોર્પિયો કાર કે જેની પાછળ જય ઠાકર લખેલું છે તે કારમાં લાલાભાઈ અને પકો સિંધીને તેમણે જ લૂંટના કામ માટે બોલાવ્યા હતા.ભરતભાઈ અવારનવાર જુગારમાં જીતી જતા હોવાથી વાઘાભાઈએ જ તેમને ફોન કરીને રૂ.પાંચ લાખ લઈને જુગાર રમવા બોલાવ્યા હતા અને લૂંટનો પ્લાન ઘડ્યો હતો.**

# હિટવેવની સ્થિતિમાં નાગરિકો અને પશુ-પક્ષીઓ પર તોળાતું જોખમ

## સાવધાન

### ભારે ગરમીની સ્થિતિમાં લોકોને તડકાના સમયે બહાર નિકળવાનું ટાળવા અપીલ : તંત્રને પર્યાપ્ત વ્યવસ્થાઓ માટે સરકારે સુચના આપી



ભાવનગર, તા.૧૦

વર્તમાન દિવસોનાં તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસો નોંધાતા હોય છે. જેમાં સમયસરની સારવાર લેવામાં ન આવે તો તે જીવલેણ સાબીત થઈ શકે છે. આ સંજોગોમાં આરોગ્ય તંત્ર દ્વારા હિટવેવથી બચવા કેટલાક પગલા સુચવાયા છે.

લુ લાગવા (સન સ્ટ્રોક) ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન ખૂબ વધી જાય છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી પરસેવો ખૂબ વધારે થાય છે અને જેના કારણે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. જે વ્યક્તિના આરોગ્ય ઉપર વિપરીત અસરો કરે છે. આ અસરોમાં શરીર અને હાથ પગમાં અસહ્ય દુઃખાવો, ખૂબ તરસ લાગવી, ગભરામણ થવી, ચક્કર આવવા, શ્વાસ ચઢવો, હદયના ધબકારા વધી જવા. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મજુરી કરીને જીવન ગુજારતા મજુરોમાં સન સ્ટ્રોકની વધુ અસર થાય છે. અને ક્યારેક તે જીવલેણ પણ સાબિત થાય છે. ગત વર્ષોમાં રાજ્યના અમુક જિલ્લાઓમાં સન સ્ટ્રોકના કારણે મૃત્યુ નોધાયેલ છે.

### સન સ્ટ્રોકથી બચવા આટલું કરો

- ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું.
- ઉનાળાની ઋતુ દરમ્યાન ખુલતા, સફેદ, સુતરાઉ કપડા પહેરવા જોઈએ.
- નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશ્કત વ્યક્તિઓએ તડકામાં ફરવું નહી.
- દિવસ દરમ્યાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું. શક્ય હોય તો લીંબુનું શરબત બનાવીને પીવું જોઈએ.
- ભીના કપડાથી માથું ઢાકી રાખવું અને જરૂર જણાયે અવાર-નવાર ભીના કપડાથી શરીર લુછવું.
- ગરમીની ઋતુ દરમ્યાન બને ત્યાં સુધી ભુખ્યા ન રહેવું.
- માથાનો દુઃખાવો, બેચેની, ચક્કર, ઉબકા કે તાવ આવે તો તુર્ત જ નજીકના દવાખાના/પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ડોકટરની સલાહ અને સારવાર લેવી.

### હિટવેવને ધ્યાને લઈ જાહેર સ્થળો પર શેડ-શેલ્ટર તથા પાણીની વ્યવસ્થા કરવા સરકારની એડવાઈઝરી

**પશુપાલન, વન વિભાગ તથા અન્ય સલગ્ન વિભાગના સંકલનમાં રહી સ્થાનિક પંચાયત- નગરપાલીકાએ પશુ પક્ષીઓને અસહ્ય ગરમીની વિપરીત અસર ન થાય તે માટે શેડ- શેલ્ટર તથા પાણીની વ્યવસ્થા કરવા સરકારે એડવાઈઝરી જાહેર કરી છે. કેટલીક એન.જી.ઓ. દ્વારા તથા વ્યક્તિગત રીતે પણ પશુ પક્ષીઓ માટે પાણીની વ્યવસ્થા જેવી કે પક્ષી કુંજનું વિતરણ કરવામાં આવે છે તેને આપની કક્ષાએથી પ્રોત્સાહન આપવું તેમજ પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ ન થાય તે માટે પણ સ્થાનિક આરોગ્ય કર્મચારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય શિક્ષણ આપવું. તમામ સરકારી કચેરીઓ, વિભાગોમાં પણ તેમના તાબા હેઠળની કચેરીઓમાં અને લાભાર્થીઓમાં અસહ્ય ગરમીની ઋતુને ધ્યાને લઈ વખતો વખતની જરૂરી સુચનાઓ, એડવાઈઝરી ની અમલવારી કરવાની રહેશે. આગામી લોકસભા ચૂંટણી તા.૦૭-૦૫-૨૦૨૪ ના રોજ યોજાનાર હોઈ હીટવેવ અન્વયે કોઈ અનિશ્ચનિય બનાવ ન બને તે માટે મતદાન મથકે શેડ, શેલ્ટર તથા પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.**

# ચૈત્રી માસના પ્રારંભ સાથે ગરમીમાં વધારો, તાપમાન ૩૯.૨ ડિગ્રીએ

### એક દિવસમાં શહેરમાં મહતમ તાપમાનમા ૨ ડિગ્રીનો વધારો


ભાવનગર, તા.૧૦

ભાવનગર શહેરમાં બુધવારે બપોરે મહત્તમ તાપમાનનો પારો ફરીથી ૩૯ ડિગ્રીને વટાવી જતા બપોરથી સાંજ સુધી નગરજનોએ કાળઝાળ ગરમીનો અનુભવ કર્યો હતો. બુધવારે ચૈત્ર માસનો પ્રારંભ થયો છે અને ચૈત્રના પ્રથમ દિવસે જ લોકોને ગરમીનો પરચો મળ્યો હતો. ભાવનગરમાં એક દિવસમાં શહેરમાં બપોરે ગરમી ૨ ડિગ્રી વધી અને આગામી દિવસોમાં ગરમીમાં હજી વધારો થશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ છે.

ભાવનગર શહેરમાં મંગળવારે મહત્તમ તાપમાન ૩૭.૨ ડિગ્રી સેન્ટીગ્રેડ નોંધાયુ હતુ તે બુધવારે ૨ ડિગ્રી વધીને ૩૯.૨ ડિગ્રી થઈ ગયુ હતુ. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪ કલાક અગાઉ ૨૫.૮ ડિગ્રી સેન્ટીગ્રેડ હતુ તે ઘટીને ૨૪.૯ ડિગ્રી સેન્ટીગ્રેડ થઈ ગયુ હતુ. બુધવારે શહેરમાં સવારે હવામાં ભેજનું પ્રમાણ ૪૯ ટકા થઈ ગયુ હતુ જ્યારે સાંજના સમયે હવામાં ભેજનું પ્રમાણ ઘટીને ૨૪ ટકા થઈ ગયુ હતુ. સવારે પવનની ઝડપ ૧૨ કિલોમીટર હતી જે સાંજે વધીને ૧૪ કિલોમીટર થઈ ગઈ હતી. શહેરમાં બપોરે તાપમાન સામાન્યથી ૨ ડિગ્રી સેન્ટીગ્રેડ વધુ તાપમાન નોંધાયુ હતુ. હજુ ગરમીમાં વધારો થશે તેવી હવામાન વિભાગ દ્વારા પણ આગાહી કરવામાં આવી છે ત્યારે લોકોએ ગરમીથી બચવા સુતરાઉ વસ્ત્રો પહેરવા ઉપરાંત જરૂરિયાત વિના બપોરના સમયે ઘરની બહાર ન નિકળવા તંત્ર દ્વારા જણાવાયું છે.

# ગ્રામ્ય પંથકમાં રાત્રે ૩.૨ તીવ્રતાનો ભુંકપ ઉખરલા ત્રાંબક વચ્ચે કેન્દ્રબિંદુ નોંધાયું

### ભાવનગર અને ઘોઘા તાલુકાના બોર્ડર પર આવેલા કેટલાક ગામની ધરા ધ્રુજી ઉઠી : કોઈ જાનહાની કે નુકશાની નહીં



ભાવનગર, તા.૧૦

ભાવનગર શહેર નજીક મોડી રાત્રે ભુંકપનો આંચકો નોધાયો હતો. ૩.૨ની તીવ્રતાના ભૂકંપે ભાવનગર અને ઘોઘા તાલુકાના બોર્ડર પરના કેટલાક ગામની ધરા ધ્રુજાવી હતી. ભૂકંપ આવ્યો હોવાની વિગતો સોશિયલ મીડિયા પર લોકોએ એકબીજા સાથે શેર કરી હતી. દરમિયાનમાં ભાવનગર ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ભાવનગર સોમનાથ હાઈવે પર આવેલા કોબડી ટોલનાકાથી ભડી વચ્ચે અંદર વાડી વિસ્તારમાં આ ભુંકપનું કેન્દ્રબિંદુ નોંધાયું છે.

ભાવનગરમાં ગ્રામ્ય પંથકમાં ભુંકપ આવ્યો હોવાના સમાચાર પ્રસરતા જ પુછતાછ ચાલુ થઈ હતી, ભાવનગર ડિઝાસ્ટર વિભાગમાં સતત કોલ ચાલુ થયા હતા,ત્યારે આ અંગે તપાસ કરાતા ભુંકપની ઘટના નોધાઈ હોવાનું બહાર આવ્યુ હતુ, ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર કોબડી ટોલનાકાથી ભડી ભંડારિયા જતા વચ્ચેના ભાગે વાડી વિસ્તારમાં કેન્દ્ર બિંદુ હોવાનું સુત્રોએ જણાવ્યુ હતુ. ઉખરલાથી ત્રાંબક વચ્ચે કેન્દ્રબિંદુ નોંધાયું હતું. જેની ઉંડાઈ ૧૧.૭ કિ.મી.નોધાઈ છે, તેમજ આ ભુંકપની અસર ૯.૫૨ કલાકે નોંધાઈ હતી. આ ભુંકપની અસર આસપાસના ડઝન જેટલા ગ્રામ્ય વિસ્તારોમાં અનુભવાઈ હતી. ભુંકપના પગલે નુકસાની અંગેના કોઈ અહેવાલ નહિ હોવાનું ડિઝાસ્ટર ડિપાર્ટમેન્ટના સુત્રોએ જણાવ્યુ હતુ.

# ઈલેક્ટ્રીક ઉપકરણો ખરીદયા બાદ આપેલો ચેક પરત ફરતા છ મહિના જેલની સજા

### ટીવી, ફ્રીઝ, મોબાઈલ વિગેરે સાધનો હોલસેલમાં ખરીદી શખ્સે રૂા.૧.૫૦ લાખનો ચેક લખી આપ્યો હતો

ભાવનગર, તા.૧૦

ફરિયાદી જયદિપ સેલ્સ એજન્સીના પ્રોપરાઈટર યોગેશભાઈ બાલાશંકરભાઈ ધાંધીયા પાસેથી આરોપી હુસેનભાઈ ગફારભાઈ સરવૈયાએ ટી.વી. રેફ્રીજરેટર, મોબાઈલ વિગેરે માલ હોલસેલના આધારે વર્ષ ૨૦૧૫માં માલ આરોપી ખરીદ કરી હતી. જે માલની રકમ પેટે કુલ રૂ.૧.૫૦ લાખનો પંજાબ નેશનલ બેંક સંસ્કાર મંડળ શાખાનો ચેક લખી આપ્યો હતો.

આ ચેક ફરિયાદીએ તેમના ખાતામા જમા કરાવતા સદર ચેક આરોપીના ખાતામા પુરતુ ભંડોળ ન હોવાના કારણે સદર ચેક પરત ફરેલ.ત્યારબાદ ઉપરોક્ત ચેક રીર્ટન થવાના કારણે આરોપી સામે ફરિયાદીએ ભાવનગરના મહેરબાન ચોથા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ટી.એસ.પંજાબીની કોર્ટમા ફરિયાદ દાખલ કરતા ફરિયાદ પક્ષનો પુરાવો લીધા બાદ સદર મેટર ફાઈનલ દલીલ પર આવતા ફરીયાદીના વિ.વકીલ આસ્તિક એન્ડ આસ્તિક એડવોકેટ વતી ચેતન.બી આસ્તિક, નદીમ. આર. મહેતર, પ્રકાશ.ડી. બોરીચાની દલીલો ધ્યાને લઈ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ના શિક્ષાપાત્ર ગુનામા સાબિત માની તકસીરવાન ઠરાવી આરોપીને ૬ માસની સાદી કેદની સજા અને ચેકની રકમની દોઢી રકમનું કુલ વળતર રોકડા રૂા.૨.૨૫ લાખ દિન ૬૦મા ફરિયાદીને ચુકવી આપવા અથવા અદાલતમા જમા કરાવવા હુકમ કર્યો હતો.

# પાલીતાણાના વડીયા ગામે ૪૫ મણ કપાસની ચોરી

ભાવનગર, તા.૧૦

પાલિતાણા તાલુકાના વડીયા ગામમાં ત્રાટકેલા તસ્કરોએ બંધ મકાનમાં રાખવામાં આવેલા ૪૫ મણ કપાસની ચોરી કરતા પોલીસે રૂા.૪૫,૦૦૦ની કિંમતના કપાસની ચોરી કરનારા અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વડીયા ગામના શૈલેષભાઈ ઈટાલીયાએ નોંધાવેલી ફરિયાદમા તેમના સબંધી નાનુભાઈ ઈટાલીયા સુરત ખાતે રહે છે અને તેના મકાનની ચાવી તેમની પાસે છે. નાનુભાઈના મકાનમાં તેમણે ૨૦૦ મણ કપાસ મુકયો હતો અને કપાસના દલાલ અરવિંદભાઈ સાથે ૧૫૦૫ના ભાવે કપાસ આપવાનું નક્કી થતાં તા.૫ના રોજ વાહન લઈને મજુરો કપાસ લેવા માટે આવ્યા હતા.

જો કે,૨૦૦ મણ કપાસમાંથી ૬૦ મણ કપાસ ઓછો હોવાનું જોવા મળતાં ફરિયાદીએ કપાસ વેંચવાની ના કહી હતી અને તપાસ કરતા નજીકમાં આવેલા અન્ય એક બંધ મકાનમાંથી ૧૫ મણ કપાસ મળી આવ્યો હતો. આમ, તસ્કરોએ રૂા,૪૫,૦૦૦ની કિંમતના ૪૫ મણ કપાસની ચોરી કરતા આ બનાવ અંગે શૈલેષભાઈ ઈટાલીયાએ પાલીતાણા પો.સ્ટે.માં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# મીઠાના અગરમાંથી તસ્કરો બોરવેલની મોટરનો અઢીસો મીટર કેબલ કાપી ગયા

### શ્રીરામ સોલ્ટના મેનેજરે રૂ.૧ લાખના કેબલની ચોરી થયાની ફરિયાદ નોંધાવી

ભાવનગર, તા.૧૦

ભાલ પંથકના સવાઈનગર ગામે આવેલા શ્રીરામ સોલ્ટ નામના મીઠાના અગરમાં રાતના સમયે તસ્કરો ત્રાટક્યા હતા અને ૨૫ મોટરના કેબલ કાપી નાંખી રૂા.૧ લાખની કિંમતના કેબલની ચોરી કરી નાસી છુટ્યાની વેળાવદર પો.સ્ટે.માં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ભાલ પંથકમાં સવાઈનગર ખાતે આવેલા શ્રીરામ સોલ્ટના મેનેજર ધર્મેન્દ્રસિંહ જાડેજાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે એડમીરલ સોલ્ટ પ્રા.લી. (અગર) ૩૦૦૦ એકરમાં ફેલાયેલું છે અને તેમાં ૫૦થી વધુ બોરવેલ આવેલા છે અને તેમાંથી પાણી કાઢી મીઠુ પકવવામાં આવે છે. દરમિયાન રાત્રે ૧૧ વાગ્યા સુધી મોટાભાગના બોરવેલ ચાલુ હતા પરંતુ વહેલી સવારે ૨૫ જેટલા બોરવેલ બંધ હોવાનું જોવા મળ્યું હતું.

મીઠાના અગરમાં સિક્યુરીટી તરીકે ફરજ બજાવતા કર્મચારીએ તપાસ કરતા રાતના સમયે તસ્કરોએ બોરવેલ માટેના કેબલ કાપી નાંખી કેબલની ચોરી કરી હોવાની જાણ થતા તેમણે બનાવની જાણ મેનેજરને કરી હતી.તપાસમાં તસ્કરો અંદાજે ૨૫૦ મીટર લંબાઈના રૂા.૧ લાખની કિંમતના કેબલની ચોરી કરી ગયા હોવાનું જણાતા આ બનાવ અંગે મેનેજરની ફરિયાદ લઈને વેળાવદર પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.


**જોઈએ છે**
**સિક્યુરિટી ગાર્ડ-10**
8 કલાક, 26 દિવસ ડ્યુટી, ઓછામાં ઓછું 10 પાસ ફરજીયાત
PF, ESIC, બોનસ વગેરે તમામ લાભો આપવામાં આવશે.
તમામ ડોક્યુમેન્ટસ સાથે આજે જ રૂબરૂ મળો.સવારે 10 થી 6 માં નીચે દર્શાવેલ એડ્રેસ પર
**યુનિવર્સલ સિક્યુરીટી સર્વિસીસ**
પ્લોટ C1 - 815, ચિત્રા GIDC, ઈટરનલ માઝ્તી સુઝુકી વર્કશોપની પાસે, ભાવનગર
મો.: 8460 123 123
VIVEK